Seat No. / Enrolment No.:

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**Diploma Engineering – SEMESTER – 2 (NEW) – EXAMINATION – Summer-2025**

**Subject Code: DI02000131** **Date: 02-06-2025**
**Subject Name: Contributor Personality Development**
**Time: 10:30 AM TO 01:00 PM** **Total Marks: 70**

**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make Suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **Use of simple calculators and non-programmable scientific calculators are permitted.**
5. **English version is authentic.**
6. **Use only OMR to answer this question paper.**

***Marks: 70***

---

## Section A

*Instructions: This section has a scenario. Read carefully before answering the subsequent questions. There are 4 questions in this section. All questions are compulsory. Each question has 3 or 2 options. Choose ONLY ONE option which you consider the most appropriate and mark it on the answer sheet given to you.*

***Max Marks: 10***

સૂચનાઓ: આ વિભાગમાં એક કેસ છે. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપતા પહેલા, કેસ ધ્યાનથી વાંચો. આ વિભાગમાં 4 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 અથવા 2 વિકલ્પો છે. **ફક્ત એક જ** વિકલ્પ પસંદ કરો જે તમને સૌથી યોગ્ય લાગે અને તમને આપેલી આન્સરશીટ પર તેને માર્ક કરો.

**મહત્તમ ગુણ: 10**

Manasi Pradhan was the first girl in her village in Odisha to graduate from a college and become a lawyer, even though she faced strong pressures from society as girls were not allowed to study. She worked as she studied to support her family. At the age of 21, she started her own printing press and published a literary journal.

Soon she realized that she wanted to help girls who faced similar struggles as she had faced. So, she gave up her successful Press and founded several organizations & initiatives like 'OYSS Women' and 'Honor of Women National Campaign' with the focus of educating girls and creating awareness for women empowerment.

For almost 40 years, she has continued to work tirelessly for the betterment of women – not just in her State, but other States and across India, influencing State and National policies as well. In an interview she said, "I didn't start doing this work to get awards, but to get recognized that yes, I am doing something impactful. It gives you mental satisfaction; it inspires you to work even more."

માનસી પ્રધાન ઓડિશાના પોતાના ગામની પહેલી છોકરી હતી જે કોલેજમાંથી સ્નાતક (ગ્રેજ્યુએટ) થઈને વકીલ બની હતી. તેમને સમાજ તરફથી સખત દબાણનો સામનો કરવો પડતો હતો, કારણ કે છોકરીઓને ભણવાની મંજૂરી નહોતી. તેમણે અભ્યાસ કરતી વખતે, પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે કામ કર્યું. 21 વર્ષની ઉંમરે, તેમને પોતાનું પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું અને એક સાહિત્યિક જર્નલ પ્રકાશિત કરી.

ટૂંક સમયમાં તેમને સમજાયું કે, તે એવી છોકરીઓને મદદ કરવા માંગે છે જેમણે તેમના જેવા જ સંઘર્ષોનો સામનો કર્યો હતો. તેથી, તેઓએ  પોતાનું સફળ પ્રેસ છોડી દીધું અને 'OYSS મહિલા' અને 'સ્ત્રીઓનું સન્માન રાષ્ટ્રીય અભિયાન' જેવી અનેક સંસ્થાઓ અને પહેલોની સ્થાપના કરી. આ સંસ્થાનોમાં છોકરીઓને શિક્ષિત કરવા અને મહિલા સશક્તિકરણ માટે જાગૃતિ લાવવાનો સમાવેશ થાય છે.

લગભગ 40 વર્ષથી, તેઓએ માત્ર તેમના રાજ્યમાં જ નહીં, પરંતુ અન્ય રાજ્યોમાં અને સમગ્ર ભારતમાં મહિલાઓના કલ્યાણ માટે અથાક મહેનત કરવાનું ચાલુ રાખ્યું છે, જે રાજ્ય અને રાષ્ટ્રીય નીતિઓને પણ પ્રભાવિત કરે છે. એક મુલાકાતમાં તેમને કહ્યું, "મેં આ કામ પુરસ્કારો મેળવવા માટે શરૂ કર્યું ન હતું, પરંતુ હા, મેં તે માન્યતા મેળવવા માટે કર્યું કે હું કંઈક પ્રભાવશાળી કરી રહી છું. તે તમને માનસિક સંતોષ આપે છે; તે તમને વધુ મહેનત કરવા માટે પ્રેરિત કરે છે."

*Source: EBSCO 2023*

1. Manasi Pradhan was recognized for her work across the country. What helped her achieve Sustainable Success?
   a] The way she worked to solve a societal problem – by educating women and bringing them justice.
   b] She chose a cause that had strong appeal to the people of the country.

૧. માનસી પ્રધાનને દેશભરમાં તેમના કાર્ય માટે ઓળખ મળી. તેમને **ટકાઉ સફળતા** પ્રાપ્ત કરવામાં શું મદદરૂપી બન્યું?
   a] તેમણે સામાજિક સમસ્યાના ઉકેલ માટે જે રીતે કામ કર્યું – મહિલાઓને શિક્ષિત કરીને અને તેમને ન્યાય અપાવીને.
   b] તેમણે એક એવા સામાજિક મુદ્દાને ઉકેલવાનું નક્કી કર્યું જે દેશના લોકોના હૃદયને સ્પર્શી ગયો હોય અથવા જેને લોકો ખૂબ મહત્વ આપતા હોય.

2. What do you learn from Manasi Pradhan's journey as a Contributor for your own career?
   a] That if I work to solve a societal problem, I must work towards getting the appropriate educational background.
   b] That whatever work I do, I can also create societal impact.
   c] That if I follow my passion, I can be successful.

૨. માનસી પ્રધાનની યોગદાનકર્તા તરીકેની સફરમાંથી, તમારી કારકિર્દી માટે તમે શું શીખી શકો છો?

a] જો હું, સામાજિક સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કામ કરું, તો મારે યોગ્ય શૈક્ષણિક પૃષ્ઠભૂમિ મેળવવા માટે કામ કરવું જોઇએ.
b] હું જે પણ કાર્ય કરું, તેમાં હું સામાજિક પ્રભાવ પણ લાવી શકું છું.
c] જો હું મારા જુસ્સાને અનુસરું છું, તો હું સફળ થઈ શકું છું.

3. Manasi Pradhan chose to understand women’s problems and take necessary actions across the country. Why do you think she made that choice?
a] Because she wanted to do something significant to become well known.
b] Because she realized that she may not be able to continue with her printing business.
c] Because she wanted to do work that would make a difference to people's lives.

૩. માનસી પ્રધાને દેશભરમાં મહિલાઓની સમસ્યાઓ સમજવાનું અને જરૂરી પગલાં લેવાનું પસંદ કર્યું. તમને શું લાગે છે કે તેમને આ પસંદગી કેમ કરી?
a] કારણ કે, તે જાણીતા બનવા માટે કંઈક મહત્વપૂર્ણ કરવા માંગતા હતા.
b] કારણ કે, તેમને સમજાયું કે તે કદાચ પોતાનો પ્રિન્ટિંગ વ્યવસાય ચાલુ રાખી શકશે નહીં.
c] કારણ કે, તે એવું કામ કરવા માંગતા હતા જેનાથી લોકોના જીવનમાં પ્રભાવ લાવી શકાય.

4. How does Manasi Pradhan’s life demonstrate a Creator Approach?
a] She was open to doing any work to support her family.
b] She didn't let social pressures stop her from achieving her goal of supporting her family and solving a societal problem.

૪. માનસી પ્રધાનનું જીવન, એક **સર્જક અભિગમ** કેવી રીતે દર્શાવે છે?
a] તે પોતાના પરિવારને ટેકો આપવા માટે કોઈપણ કાર્ય કરવા માટે તૈયાર હતો.
b] તેમને સામાજિક દબાણોને પોતાને અટકવા દીધા નહિ. તેઓએ તેમના પરિવારને ટેકો આપવા અને સામાજિક સમસ્યાનું નિરાકરણ લાવવાના પોતાના ધ્યેયને પ્રાપ્ત કર્યો.

## Section B

*Instructions: There are 10 questions in this section. All questions are compulsory. Each question has 2 statements. Select ONLY ONE statement that you feel is closest to your thinking and mark it on the answer sheet given to you.*

***Max Marks: 20***

*સૂચનાઓ: આ વિભાગમાં 10 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 2 વિધાનો છે.* ***ફક્ત એક જ*** *વિધાન પસંદ કરો જે તમને લાગે કે તમારી વિચારસરણીથી સૌથી નજીક છે અને તમને આપેલી આન્સરશીટ પર તેને ચિહ્નિત કરો.*

***મહત્તમ ગુણ: 20***

5. During a bus strike in the city, a taxi driver operates for longer hours because –
a] More customers will need to reach their destinations.
b] The customers will be ready to pay more.

૫. શહેરમાં બસ હડતાળ દરમિયાન, એક ટેક્સી ડ્રાઈવર લાંબા સમય સુધી કામ કરે છે કારણ કે –
   a] વધારે ગ્રાહકોને તેમના સ્થાને પહોંચવાની જરૂર પડશે.
   b] ગ્રાહકો વધારે પૈસા આપવા માટે તૈયાર રહેશે.

6. When a home-based pickle business is not making the expected profit, it is best –
   a] To give up that business.
   b] To re-examine what customers want and adapt to it.

૬. જ્યારે ઘરના અથાણાંના વ્યવસાયમાં અપેક્ષિત નફો ન મળતો હોય, ત્યારે શ્રેષ્ઠ છે –
   a] તે વ્યવસાયને છોડવું.
   b] ગ્રાહકો શું ઇચ્છે છે તે ફરીથી તપાસવું અને તે અનુસાર અનુકૂળ બનવું.

7. Identify the statement which shows I-Can Approach?
   a] Zoya – “At 50, I can learn to ride a scooter since I am already good at cycling.”
   b] Sarvarsh – “At 50, I can learn how to drive a car, even though it is challenging.”

૭. **‘આઈ-કેન’ અભિગમ** બતાવતો વિધાન ઓળખો?
   a] ઝોયા – “૫૦ વર્ષની ઉંમરે, હું સ્કૂટર ચલાવવાનું શીખી શકું છું, કારણ કે હું પહેલાથી જ સાયકલિંગમાં સારી છું.”
   b] સર્વર્ષ – “૫૦ વર્ષની ઉંમરે, હું કાર ચલાવવાનું શીખી શકું છું, ભલે તે પડકારજનક હોય.”

8. Which is the Contributor’s Approach?
   a] “When I go for an internship, I make sure that I find out what are the project goals to be met.”
   b] “When I go for an internship, I make sure that I know what I will be evaluated on at the end of the internship.”

૮. **યોગદાનકર્તાનો અભિગમ** કયો છે?
   a] “જ્યારે હું ઇન્ટર્નશિપ માટે જાઉં, હું ખાતરી કરું કે મને ખબર હોય કે કયા પ્રોજેક્ટ લક્ષ્યો પૂર્ણ કરવા જરૂરી છે.”
   b] “જ્યારે હું ઇન્ટર્નશિપ માટે જાઉં, હું ખાતરી કરું કે મને ખબર હોય કે ઇન્ટર્નશિપના અંતે મારું મૂલ્યાંકન કયા આધારે કરવામાં આવશે.”

9. Saisha says, “I won a silver medal in the National Badminton Championship competition last year. This year, I must improve my stamina and serving technique.” What is Saisha focusing on?
   a] The Fruits of Sustainable Success.
   b] The Roots of Sustainable Success.

૯. સાયશા કહે છે, “મેં ગયા વર્ષે નેશનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ વર્ષે, મારે મારા સ્ટેમિના અને સર્વિંગ ટેકનિકમાં સુધારો કરવાની જરૂર છે.” સાયશા શેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે?

a] ટકાઉ સફળતાના ફળો.

b] ટકાઉ સફળતાના મૂળ.

10. Arusha owns a jewelry brand. She has been experimenting with new materials which make the jewelry cost-effective and eco-friendly. As a businessperson, which other career pathway is she choosing to develop in?

a] Institution Builder.

b] Innovator.

૧૦. આરુષા એક જ્વેલરી બ્રાન્ડની માલિક છે. તે નવી સામગ્રી સાથે પ્રયોગ કરી રહી છે જે દાગીનાને ખર્ચ-અસરકારક અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે. એક ઉદ્યોગપતિ તરીકે, તે બીજો કયો કારકિર્દી માર્ગ વિકસાવવાનું પસંદ કરી રહી છે?

a] ઇન્સ્ટિટ્યૂશન બિલ્ડર.

b] ઇનોવેટર.

11. The teacher asked the class, "Who would want to take up the difficult assignment?"

a] "Only if I do it will I be able to handle assignments tougher than this."

b] "Why take up something that I already know is difficult?"

૧૧. શિક્ષકે વર્ગને પૂછ્યું, "આ મુશ્કેલ કાર્ય કોણ હાથમાં લેવા માંગશે?"

a] "જો હું તે કરીશ, તો જ હું વધુ મુશ્કેલ કાર્ય સંભાળી શકીશ."

b] "જે કાર્ય મને પહેલેથી જ ખબર છે કે મુશ્કેલ છે, તે શા માટે હાથમાં લેવું?"

12. A musical *jugalbandhi* is wonderful only when –

a] All musicians perform well together.

b] It has all the top musicians performing in it.

૧૨. સંગીતની જુગલબંધી ત્યારે જ અદ્ભુત હોય છે જ્યારે –

a] બધા સંગીતકારો સાથે મળીને સારું પ્રદર્શન કરે છે.

b] તેમાં બધા ટોચના સંગીતકારો પ્રદર્શન કરે છે.

13. When asked to work on the same job profile even after many years, Adah could choose to –

a] Speak to her manager and wait for new things to work on so that she can get diverse experiences.

b] Find ways to challenge herself, deepen her understanding of the subject and make it more interesting for herself.

૧૩. જ્યારે ઘણા વર્ષો પછી પણ એક જ જોબ પ્રોફાઇલ પર કામ કરવાનું કહેવામાં આવે, ત્યારે અદાહ –

a] તે પોતાના મેનેજર સાથે વાત કરી શકે છે અને નવા કામો ની રાહ જોઈ શકે છે, જેથી તેને વિવિધ પ્રકારના અનુભવો મેળવી શકે.

b] પોતાને પડકારવાના રસ્તાઓ શોધે શકે છે, વિષય પ્રત્યેની તેની સમજણને વધુ ઊંડી બનાવી અને તેને પોતાના માટે વધુ રસપ્રદ બનાવી શકે છે.

14. Choose the Contributor cleaning staff –
   a] Cleaning staff at a mall puts up signs wherever the floor is wet, otherwise s/he will be scolded for not doing his/her duty.
   b] Cleaning staff at a mall puts up signs wherever the floor is wet, otherwise, people may slip and fall down.

૧૪. યોગદાનકર્તા સફાઈ કર્મચારી ને ઓળખો -
   a] મોલમાં સફાઈ કર્મચારી જ્યાં ફ્લોર ભીનો હોય ત્યાં બોર્ડ લગાવે છે, નહીં તો તેને તેની ફરજ ન ભજવવા બદલ ઠપકો આપવામાં આવશે.
   b] મોલમાં સફાઈ કર્મચારી જ્યાં ફ્લોર ભીનો હોય ત્યાં બોર્ડ લગાવે છે, નહીં તો લોકો લપસી શકે છે અને નીચે પડી શકે છે.

## Section C

*Instructions: This section has 5 questions. All questions are compulsory. Each question has 3 or 4 statements and 4 possible option choices. Choose ONLY ONE option (out of the 4 given) and mark it on the answer sheet given to you.*

***Max Marks: 10***

*સૂચનાઓ: આ વિભાગમાં 5 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 4 વિધાનો અને 3-4 સંભવિત વિકલ્પો છે.* આપેલા *4 માંથી,* ***ફક્ત એક જ*** *વિકલ્પ પસંદ કરો અને તમને આપેલી આન્સરશીટ પર તેને ચિહ્નિત કરો.*

***મહત્તમ ગુણ: 10***

15. Which profession allows a person to innovate and find a solution to societal problems? *(You can choose more than one statement.)*
   1. All professions
   2. Architect
   3. Forest officer
   4. Construction manager

   a] 3 b] 1 c] 2 & 3 d] 4

૧૫. કયો વ્યવસાય વ્યક્તિને નવીનતા લાવવા અને સામાજિક સમસ્યાઓનો ઉકેલ શોધવાની તક આપે છે? *(તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)*
   1. બધા વ્યવસાયો
   2. આર્કિટેક્ટ
   3. વન અધિકારી
   4. બાંધકામ વ્યવસ્થાપક

   a] 3 b] 1 c] 2 & 3 d] 4

16. Sohail has been given an opportunity to identify 'The Best Performer of the Year' from his team. Help him choose the Contributor qualities he could look for in the person who deserves the award. *(Rank the statements in the order of most Contributive to least Contributive)*
    1. A team member who works individually on easy tasks to get only his/her job done.
    2. A team member who steps in to do whatever is necessary beyond his/her responsibilities to help the team reach the team goals.
    3. A team member who works along with the team to reach team goals.
    4. A team member who sincerely works at any task given to him/her by the senior.

    a] 4-3-1-2 b] 1-4-3-2 c] 2-3-4-1 d] 1-3-2-4

૧૬. સોહૈલને તેની ટીમમાંથી 'વર્ષનો શ્રેષ્ઠ પ્રદર્શનકાર' ઓળખવાની તક આપવામાં આવી છે. તેને એવોર્ડ માટે લાયક વ્યક્તિમાં કયા યોગદાન આપનારા ગુણો શોધી શકાય તે પસંદ કરવામાં મદદ કરો. *(સૌથી વધુ યોગદાનકર્તા વિકલ્પથી ઓછામાં ઓછા યોગદાનકર્તા વિકલ્પ સુધીના વિવિધ વિધાનોનો ક્રમ આપો.)*
    1. એક ટીમ સભ્ય જે ફક્ત પોતાનું કામ પૂર્ણ કરવા માટે સરળ કાર્યો પર એકલો કામ કરે છે.
    2. એક ટીમ સભ્ય જે ટીમને ટીમના લક્ષ્યો સુધી પહોંચવામાં મદદ કરવા માટે તેની જવાબદારીઓ ઉપરાંત જે પણ જરૂરી હોય તે કરવા માટે આગળ વધે છે.
    3. એક ટીમ સભ્ય જે ટીમના લક્ષ્યો સુધી પહોંચવા માટે ટીમ સાથે મળીને કામ કરે છે.
    4. એક ટીમ સભ્ય જે વરિષ્ઠ દ્વારા તેને સોંપવામાં આવેલા કોઈપણ કાર્ય પર નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે.

    a] 4-3-1-2 b] 1-4-3-2 c] 2-3-4-1 d] 1-3-2-4

17. Which of the following statements **DON'T** indicate an intent to grow one's I-CAN zone? *(You can choose more than one statement.)*
    1. "My Hindi is weak, so I should participate in the Hindi debate competition and see how to better myself."
    2. "My teacher has asked me to make this 80% perfect, and that's what I should do."
    3. "I am not athletic but need to keep fit. I will start with 5000 steps a day and gradually increase it."

    a] 2 b] 3 c] 1&3 d] 1&2

૧૭. નીચેનામાંથી કયું વિધાન કોઈના આઇ-કેન ઝોનને વધારવાના ઈરાદાને દર્શાવતું **નથી**? *(તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)*
    1. "મારું હિન્દી નબળું છે, તેથી મારે હિન્દી ચર્ચા સ્પર્ધામાં ભાગ લેવો જોઈએ અને મારી જાતને કેવી રીતે સુધારવી તે જોવું જોઈએ."
    2. "મારા શિક્ષકે મને આ 80% પરફેક્ટ બનાવવા કહ્યું છે, અને મારે એ જ કરવું જોઈએ."
    3. "હું એથ્લેટિક નથી પણ મારે ફિટ રહેવાની જરૂર છે. હું દરરોજ ૫૦૦૦ પગલાં ચાલવાની શરૂઆત કરીશ અને ધીમે ધીમે તેને વધારીશ."

    a] 2 b] 3 c] 1&3 d] 1&2

18. Which of these candidates has truly expanded their Power to Contribute as a Class Representative? *(Rank the different statements in the order of most Contributive option to least Contributive option.)*

1. “My aim is to ensure that teachers don’t face any problem while doing their duties in the college.”
2. “I want to make sure that the college management takes up my concerns.”
3. “I hope to find solutions to challenges faced – not only by students but also teachers, non-teaching staff, and the college overall.”
4. “I want to ensure that I represent the students’ and teachers’ concerns to the management of the college in a fair and transparent manner.”

a] 2-1-4-3 b] 3-4-1-2 c] 2-4-3-1 d] 4-1-2-3

૧૮. આમાંથી કયા ઉમેદવારે ખરેખર વર્ગ પ્રતિનિધિ તરીકે યોગદાન આપવાની પોતાની શક્તિનો વિસ્તાર કર્યો છે?
*(સૌથી વધુ યોગદાનકર્તા વિકલ્પથી ઓછામાં ઓછા યોગદાનકર્તા વિકલ્પ સુધીના વિવિધ વિધાનોનો ક્રમ આપો.)*

1. "મારું લક્ષ્ય એ છે કે શિક્ષકોને કોલેજમાં તેમના કાર્ય કરતી વખતે કોઈપણ સમસ્યાનો સામનો ન કરવો પડે."
2. "હું ખાતરી કરવા માંગુ છું કે કોલેજ મેનેજમેન્ટ મારી ચિંતાઓ પર ધ્યાન આપે."
3. "હું માત્ર વિદ્યાર્થીઓ દ્વારા જ નહીં પરંતુ શિક્ષકો, નોન-ટીચિંગ સ્ટાફ અને આખી કોલેજ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોના ઉકેલો શોધવાની આશા રાખું છું."
4. "હું ખાતરી કરવા માંગુ છું કે હું વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ચિંતાઓ કોલેજ મેનેજમેન્ટ સમક્ષ નિષ્પક્ષ અને પારદર્શક રીતે રજૂ કરું."

a] 2-1-4-3 b] 3-4-1-2 c] 2-4-3-1 d] 4-1-2-3

19. Identify the approaches that lead to Sustainable Success in any career one chooses. *(You can choose more than one statement.)*

1. Appreciating others for meeting their targets and deadlines.
2. Pleasing your immediate boss every time you get an opportunity to do so.
3. Spending time every week learning something new that you have never done before.
4. Holding a larger vision and keeping the big picture in mind while doing work.

a] 1&2 b] 1&3 c] 2&4 d] 3&4

૧૯. કોઈ પણ કારકિર્દીમાં **ટકાઉ અને લાંબી (સસ્ટેનેબલ) સફળતા** તરફ દોરી જતા અભિગમોને ઓળખો. *(તમે એક કરતાં વધુ વિધાન પસંદ કરી શકો છો.)*

1. બીજાઓના લક્ષ્યો અને સમયમર્યાદા પૂર્ણ કરવા બદલ તેમની પ્રશંસા કરો.
2. જ્યારે પણ તમને તક મળે ત્યારે, તમારા બોસને ખુશ કરો.
3. દર અઠવાડિયે, કંઈક નવું શીખવામાં સમય વિતાવો જે તમે પહેલાં ક્યારેય કર્યું નથી.
4. કામ કરતી વખતે, એક મોટું વિઝન રાખો અને વિશાળ દ્રષ્ટિકોણ (બિગ પિક્ચર) ધ્યાનમાં રાખો.

a] 1&2 b] 1&3 c] 2&4 d] 3&4

## Section D

*Instructions: There are 10 questions in this section. All questions are compulsory. Each question has 3 options. Select ONLY ONE option that you feel is the most appropriate and mark it on the answer sheet given to you.*

***Max. Marks: 30***

*સુચનાઓ – આ વિભાગમાં 10 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં 3 વિકલ્પો છે. તમને સૌથી યોગ્ય લાગે તે **ફક્ત એક જ** વિકલ્પ પસંદ કરો અને તમને આપેલી આન્સરશીટ પર તેને ચિહ્નિત કરો.*

***મહત્તમ ગુણ: 30***

20. Here are three volunteers who are trying to increase the enrollment of girls in government schools nearby. Whose approach is most Contributive?
    a] "I can meet with the school authorities and educate them to convince the parents to send their daughters to school."
    b] "I can try to convince the girls of the locality to come to school and help them understand the importance of educating themselves."
    c] "I can meet the families and help them understand the positive impact of educating girls in the long run."

૨૦. અહીં ત્રણ સ્વયંસેવકો છે જે નજીકની સરકારી શાળાઓમાં છોકરીઓની નોંધણી વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોનો અભિગમ સૌથી વધુ યોગદાન આપનાર છે?
    a] "હું શાળાના અધિકારીઓ સાથે મળી શકું છું અને તેમને સમજાવી શકું છું કે તેઓ માતાપિતાને તેમની દીકરીઓને શાળાએ મોકલવા માટે સમજાવે."
    b] "હું વિસ્તારની છોકરીઓને શાળાએ આવવા અને તેમને પોતાને શિક્ષિત કરવાનું મહત્વ સમજવામાં મદદ કરવાનો પ્રયાસ કરી શકું છું."
    c] "હું પરિવારોને મળી શકું છું અને તેમને લાંબા ગાળે છોકરીઓને શિક્ષિત કરવાના સકારાત્મક પ્રભાવને સમજવામાં મદદ કરી શકું છું."

21. Mishika has been training to play the guitar for nearly 5 years. Recognizing her talent, a local club invites her to play the guitar along with a well-known guitar player at the upcoming music festival. How should Mishika approach this opportunity as a Contributor Professional Achiever?
    a] "I will also become popular after playing with a famous player."
    b] "It will be a challenging experience for me, but playing with such a talented person will help me become better."
    c] "I should put in a lot of practice to play alongside such an experienced player. I shouldn't make any mistakes during the performance."

૨૧. મિશિકા લગભગ 5 વર્ષથી ગિટાર વગાડવાની તાલીમ લઈ રહી છે. તેની પ્રતિભાને ઓળખીને, એક સ્થાનિક ક્લબ તેને આગામી સંગીત ઉત્સવમાં એક જાણીતા ગિટાર પ્લેયર સાથે ગિટાર વગાડવા માટે આમંત્રણ આપે છે. **યોગદાનકર્તા પ્રોફેશનલ અચિવર** તરીકે મિશિકાએ આ તકનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ?

a] "એક પ્રખ્યાત પ્લેયર સાથે વગાડ્યા પછી હું પણ લોકપ્રિય બનીશ."

b] "મારા માટે તે એક પડકારજનક અનુભવ હશે, પરંતુ આવા પ્રતિભાશાળી વ્યક્તિ સાથે વગાડવાથી મને વધુ સારું બનવામાં મદદ મળશે."

c] "મારે આવા અનુભવી પ્લેયર સાથે વગાડવા માટે ઘણી પ્રેક્ટિસ કરવી જોઈએ. પ્રદર્શન દરમિયાન મારે કોઈ ભૂલો ન કરવી જોઈએ."

22. Subhash is a good football player and now he needs to join a professional football team. What would be your advice to him as a Contributor friend for his long-lasting success in the sport?

a] "Focus on joining the biggest and most popular team so that you will easily get sponsors."

b] "Focus on joining the team where you can continue to develop your unique style and skills."

c] "Focus on developing your physical and mental capabilities in whichever team you join."

૨૨. સુભાષ એક સારો ફૂટબોલ ખેલાડી છે અને હવે તેને એક વ્યાવસાયિક ફૂટબોલ ટીમમાં જોડાવાની જરૂર છે. રમતમાં તેની લાંબા ગાળાની સફળતા માટે એક યોગદાનકર્તા મિત્ર તરીકે તમારી સલાહ શું હશે?

a] "સૌથી મોટી અને સૌથી લોકપ્રિય ટીમમાં જોડાવા પર ધ્યાન કેન્દ્રિત કરો જેથી તમને સરળતાથી પ્રાયોજકો મળી શકે."

b] "તેવી ટીમમાં જોડાવા પર ધ્યાન કેન્દ્રિત કરો જ્યાં તમે તમારી અનન્ય શૈલી અને કુશળતા વિકસાવવાનું ચાલુ રાખી શકો."

c] "તમે જે પણ ટીમમાં જોડાઓ છો તેમાં તમારી શારીરિક અને માનસિક ક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરો."

23. Rahil is scared of giving presentations in front of a large audience. What would you advise him to do, so that he builds his I-Cans?

a] "Give your best in preparing yourself and leave the rest to the circumstances around you because you cannot control everything."

b] "You should talk about this and ask your professor to give suggestions which can help you overcome this fear."

c] "Build your confidence step by step by practicing the presentation in front of your classmates."

૨૩. રાહિલને મોટી સંખ્યામાં પ્રેક્ષકોની સામે પ્રેઝન્ટેશન આપવામાં ડર લાગે છે. તમે તેને શું સલાહ આપશો જેથી તે પોતાના આઈ-કેન વધારી શકે?

a] "તમારી જાતને તૈયાર કરવામાં શ્રેષ્ઠ પ્રયાસ કરો અને બાકીનું કામ તમારી આસપાસના સંજોગો પર છોડી દો કારણ કે, તમે બધું નિયંત્રિત કરી શકતા નથી."

b] "તમારે આ વિશે વાત કરવી જોઈએ અને તમારા પ્રોફેસરને સૂચનો આપવા કહેવું જોઈએ, જે તમને આ ડરને દૂર કરવામાં મદદ કરી શકે છે."

c] "તમારા સહપાઠીઓની (વર્ગમિત્રો) સામે પ્રેઝન્ટેશનનો અભ્યાસ કરીને પગલું દ્વારા પગલું તમારો આત્મવિશ્વાસ બનાવો."

24. How do you see your role as an Engineering student?

a] My role is to participate in competitions and projects that I am interested in and do my best.

b] My role is to find practical solutions to problems that people face every day.

c] My role is to pass examinations with good grades to get a well-paying job.

૨૪. એન્જિનિયરિંગના વિદ્યાર્થી તરીકે તમે તમારી ભૂમિકા કેવી રીતે જુઓ છો?

a] મારી ભૂમિકા એવી સ્પર્ધાઓ અને પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની છે, જેમાં મને રસ હોય અને મારા શ્રેષ્ઠ પ્રયાસો કરવાની છે.

b] મારી ભૂમિકા એવી સમસ્યાઓના વ્યવહારુ ઉકેલો શોધવાની છે, જેનો લોકો દરરોજ સામનો કરે છે.

c] મારી ભૂમિકા સારા ગ્રેડ સાથે પરીક્ષાઓ પાસ કરવાની છે, જેથી સારી કમાણીવાળી નોકરી મેળવી શકાય.

25. Rami's house is on a street that doesn't have proper lighting. He is frustrated about the situation as it gets dangerous at night. As a Contributor, what can Rami do about it?

a] Bring it to the notice of his local neighborhood/housing society that a complaint needs to be filed in the local municipality office for them to fix the lighting problem.

b] Call the local municipal office to find out the process to fix such a problem.

c] Take photos of the area and put them up on social media to bring attention to the problem.

૨૫. રામીનું ઘર એવી શેરીમાં છે જ્યાં યોગ્ય લાઇટિંગ નથી. તે રાત્રે પરિસ્થિતિ ખતરનાક બની જતી હોવાથી તે હતાશ છે. એક યોગદાનકર્તા તરીકે, રામી તેના વિશે શું કરી શકે?

a] તેના સ્થાનિક પડોશ/હાઉસિંગ સોસાયટીના ધ્યાન પર લાવો કે લાઇટિંગ સમસ્યાને ઠીક કરવા માટે સ્થાનિક મ્યુનિસિપાલિટી ઑફિસમાં ફરિયાદ દાખલ કરવાની જરૂર છે.

b] આવી સમસ્યાને ઠીક કરવાની પ્રક્રિયા જાણવા માટે સ્થાનિક મ્યુનિસિપાલિટી ઑફિસને કૉલ કરો.

c] સમસ્યા તરફ ધ્યાન દોરવા માટે વિસ્તારના ફોટા લો અને તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરો.

26. If you were an Institution Builder, what would you focus on?
   a] I will focus on creating opportunities for others so that they can bring out the best in themselves.
   b] I will focus on developing myself as a leader to make my career more secure.
   c] I will focus on building an organization that lasts for a long time.

૨૬. જો તમે **ઇન્સ્ટિટ્યૂશન બિલ્ડર** હોત, તો તમે શેના પર ધ્યાન કેન્દ્રિત કરશો?
   a] હું બીજા માટે તકો ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ, જેથી તેઓ પોતાનામાં શ્રેષ્ઠતા લાવી શકે.
   b] હું મારી કારકિર્દીને વધુ સુરક્ષિત બનાવવા માટે એક નેતા તરીકે પોતાને વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ.
   c] હું એવી સંસ્થા બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ જે લાંબા સમય સુધી ચાલે.

27. Priyamvada is new in her locality and wishes to know everyone. However, she is shy and afraid to talk to strangers. What will allow her to increase her I-Can the most in this situation?
   a] By being friends with at least one person from the locality and getting to know about everyone else from him/her.
   b] By participating in events that are organized in her locality.
   c] By initiating and taking charge of organizing some programs in her locality.

૨૭. પ્રિયંવદા તેના વિસ્તારમાં નવી છે અને તે બધાને જાણવા માંગે છે. જોકે, તે અજાણ્યા લોકો સાથે વાત કરવામાં શરમાળ અને ડરતી હોય છે. આ પરિસ્થિતિમાં તે પોતાનું આઇ-કેન સૌથી વધુ કેવી રીતે વધારી શકે?
   a] વિસ્તારના ઓછામાં ઓછા એક વ્યક્તિ સાથે મિત્રતા કરીને અને તેનાથી બીજા બધા વિશે જાણીને.
   b] તેના વિસ્તારમાં આયોજિત કાર્યક્રમોમાં ભાગ લઈને.
   c] તેના વિસ્તારમાં કેટલાક કાર્યક્રમોનું આયોજન શરૂ કરીને અને તેનું સંચાલન કરવાની જવાબદારી લઈને.

28. Adarsh has received an offer letter for a course in one of the top colleges in India. How should he think about this offer?
   a] "Will this course help me get a deeper understanding of the subject I am interested in?"
   b] "Will this course help me build skills required in my career?"
   c] "Will I get a job after this course?"

૨૮. આદર્શને ભારતની ટોપ ની કોલેજોમાંની એકમાં, કોર્સ માટે ઓફર લેટર મળ્યો છે. તેને આ ઓફર વિશે શું વિચારવું જોઇએ?
   a] "શું આ કોર્સ મને જે વિષયમાં રસ છે તેની ઊંડી સમજ મેળવવામાં મદદ કરશે?"
   b] "શું આ કોર્સ મને મારી કારકિર્દીમાં જરૂરી કૌશલ્યો બનાવવામાં મદદ કરશે?"
   c] "શું આ કોર્સ પછી મને નોકરી મળશે?"

29. Which of the following would be a Creator Response while looking for a job?
   a] “I would take responsibility for finding new ways to reach out to employers and build my capabilities to become the best potential candidate for the job.”
   b] “I would wait for the condition in the job market to improve and then reach out to employers through my network to see if there is any opening.”
   c] “I would apply for each and every job because I may get a call back from anywhere and get selected.”

૨૭. નોકરી શોધતી વખતે નીચેનામાંથી કયો **સર્જક પ્રતિભાવ** હશે?
   a] "હું નોકરીદાતાઓ સુધી પહોંચવા અને નોકરી માટે શ્રેષ્ઠ સંભવિત ઉમેદવાર બનવા માટે મારી ક્ષમતાઓ વિકસાવવા માટે નવા રસ્તાઓ શોધવાની જવાબદારી લઈશ."
   b] "હું નોકરી બજારમાં સ્થિતિ સુધરવાની રાહ જોઈશ અને પછી મારા નેટવર્ક દ્વારા નોકરીદાતાઓ સુધી પહોંચીશ કે કોઈ જગ્યા ખાલી છે કે નહીં."
   c] "હું દરેક નોકરી માટે અરજી કરીશ કારણ કે મને ગમે ત્યાંથી ફોન આવી શકે છે અને મારી પસંદગી થઈ શકે છે."

**********